
દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 241 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 October 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૧૦ ઓક્ટોબર ૨૦૨૪, (૧૩ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ લાડકી પૂર્તિ ૫ ૬ ૭ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતે રત્ન ગુમાવ્યું

## રતન નવલ ટાટાનું અવસાન



મુંબઈ: ટાટા સન્સના ચેરમેન એમિરેટ્સ રતન ટાટાનું બુધવારે અવસાન થયું હતું. ટાટા સન્સ દ્વારા ગઈ કાલે મોડી રાત્રે બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ રતન ટાટા મુંબઈની એક હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા એ દરમિયાન તેમનું નિધન થયું હતું. તેઓ ૮૬ વર્ષના હતા.

ટાટા સન્સના અધ્યક્ષ એન. ચંદ્રશેખરને નિવેદનમાં જણાવ્યું હતું કે ખોટની ઊંડી ભાવના સાથે આપણે રતન નવલ ટાટાને અલવિદા કહી રહ્યા છે.

રતન ટાટા ૧૯૯૧માં ઑટોથી લઇને સ્ટીલ બનાવવાવાળી કંપની ટાટા સન્સના ચેરમેન બન્યા અને ૨૦૧૨ સુધી તેનું નેતૃત્ત્વ કરતા રહ્યા. તેમના કાર્યકાળ દરમિયાન તેમણે ટેટલી, કૉરસ અને જૅગુઆર લેન્ડ રૉવર જેવી કંપનીઓ મેળવી હતી તથા ટાટા કંપનીને વૈશ્વિક સ્તરે લઇ ગયા હતા. તેમના નેતૃત્ત્વમાં જ વિશ્વની સૌથી સસ્તી કાર ટાટા નૅનો લૉન્ચ કરવામાં આવી હતી.

૧૯૯૬માં દૂરસંચાર કંપની ટાટા ટેલિસર્વિસીસની સ્થાપના કરી અને ૨૦૦૪માં આઇટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસને લૉન્ચ કરી હતી. ■

## મેઘરાજાએ નવરાત્રિના રંગમાં ભંગ પાડ્યો:

# ડીસા, દ્વારકા, વાપી, પોરબંદરમાં ગાજવીજ સાથે વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં બે દિવસથી પલટાયેલા વાતાવરણ વચ્ચે આજે ગુરુવારે સમી સાંજ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતમાં કેટલાક ઠેકાણે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાંથી ચોમાસાની વિદાય થઈ ચૂકી હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

જો કે અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમના કારણે હજુ પણ રાજ્યના કેટલાક ભાગોમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી હતી. જેના પગલે મોડી સાંજે ગુજરાતના અલગ-અલગ ભાગોમાં આસો મહિનામાં અષાઢી માહોલ જામ્યો હતો.

ડીસાના ધુણસોલ ગામે અચાનક સુસવાટા મારતો પવન ફૂંકાવા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. જેના કારણે અનેક મકાનોના છાપરા ઊડ્યા હતા. વાપી અને ડાંગ જિલ્લામાં આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું. જ્યાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. ડાંગ જિલ્લાના આહવા અને સાપુતારા પંથકમાં પણ ગાજવીજ સાથે વરસાદનું આગમન થયું હતુ. ડાંગ ડિઝાસ્ટર કક્ષના આંકડા અનુસાર, આહવામાં ૨ કલાકમાં ૩ ઈંચ જેટલો ધોધમાર વરસાદ ખાબક્યો હતો.

પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને બરડા પંથકના બગવદર, ખાંભોદર, કુણવદર અને નટવરનગરમાં તોફાની પવન ફૂંકાવાથી રસ્તા પર ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી. જ્યારે દ્વારકાના ભાણવડમાં પણ અચાનક તૂટી પડેલા વરસાદના કારણે રસ્તા પર નદીઓ વહેવા લાગી હતી.

છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદ ના હોવાથી ખેલૈયાઓ પણ મોડીરાત સુધી ગરબે ઘૂમી રહ્યા છે. એવામાં હવામાન વિભાગની આગાહીએ ખેલૈયાઓ તેમજ ગરબા આયોજકોની ચિંતા વધારી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, અરબી સમુદ્રમાં લક્ષદ્વીપ નજીક એક સિસ્ટમ સક્રિય બની છે. જેના કારણે આગામી ૪ દિવસ સુધી સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. ■

# વ્યાજદર યથાવત્ રાખતી રિઝર્વ બૅન્ક




મુંબઈ: રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ બુધવારે વ્યાજદર યથાવત રાખવાનો નિર્ણય લીધો હતો.

જોકે આ તટસ્થ નિર્ણય લઈ આરબીઆઈએ નીતિવિષયક મામલે પ્રમાણમાં હળવું વલણ અપનાવી વ્યાજદરમાં કાપ મૂકવાની દિશામાં પ્રથમ પગલું લીધું હતું.

આરબીઆઈના ત્રણ અધિકારી તેમ જ એટલી સંખ્યામાં બહારના સભ્યોની બનેલી નીતિ વિષયક કમિટીએ પાંચ-એકની બહુમતીથી વ્યાજદર તટસ્થ એટલે કે ૬.૫ ટકા રાખવાના નિર્ણયની તરફેણમાં મત આપ્યો હતો.

રેપોરેટમાં કરવામાં આવતા ફેરફારની સીધી અસર હૉમ, ઑટો, કોર્પોરેટ સહિતની અન્ય લૉન પર પડે છે.

આરબીઆઈની નીતિવિષયક કમિટીની સતત દસમી બેઠકમાં વ્યાજદર યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો. તે સમયે વ્યાજદર ૬.૨૫ ટકાથી વધારીને ૬.૫૦ ટકા કરવામાં આવ્યો હતો.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંતા દાસે કહ્યું હતું કે કમિટીએ તેનું વલણ બદલ્યું છે, પરંતુ લાંબાગાળે ફુગાવાને અંકુશમાં લેવાનું અને આર્થિક વિકાસદરને ટેકો આપવાનું તેનું લક્ષ્ય છે. આરબીઆઈનું બદલાયેલું વલણ આગામી ડિસેમ્બરમાં યોજાનારી નીતિવિષયક કમિટીની બેઠકમાં વ્યાજદરમાં ઘટાડાના સંકેત આપે છે, એમ તેમણે કહ્યું હતું.

આરબીઆઈએ એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ના નાણાકીય વર્ષ માટે ફુગાવાનો દર ૪.૫ ટકા અને જીડીપી ૭.૨ ટકા રહેશે એવી આગાહી કરી હતી.

જોકે બીજા ત્રિમાસિક માટે આરબીઆઈએ જીડીપીનો દર ૭.૨ ટકાથી ઘટાડીને ૭.૦ ટકા કર્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિકમાં જીડીપીનો દર વધીને ૬.૭ ટકા થયો હતો. સપ્ટેમ્બરમાં સતત બીજે મહિને વાર્ષિક ફુગાવાનો દર ઘટીને આરબીઆઈના ચાર ટકાના લક્ષ્યથી પણ નીચે આવી ગયો હતો અને બેઝ ઈફેક્ટને કારણે આ મહિને આરબીઆઈની અપેક્ષા મુજબ તે ફરી ઊપર ઉછળશે.

દાસે કહ્યું હતું કે ફુગાવા અને આર્થિક વિકાસદરની સ્થિતિ વચ્ચેના અપેક્ષિત સંતુલનની પ્રવર્તમાન સ્થિતિએ નાણાંકીય નીતિમાં ફેરફાર કરવાની પરિસ્થિતિ નિર્માણ કરી છે. ■

## આરબીઆઈની સમીક્ષા બેઠકમાં લેવાયેલા મુખ્ય નિર્ણયોની યાદી

૧) બૅન્ચમાર્ક શૉર્ટ ટર્મ લૅન્ડિંગ રૅટ (રેપોરેટ) ૬.૫ ટકા યથાવત રખાયો.
૨) ફેબ્રુઆરી ૨૦૨૩થી વ્યાજદર યથાવત
૩) નીતિવિષયક વલણ બદલીને તટસ્થ રખાયું.
૪) નવેસરથી રચાયેલી મૉનેટરી પૉલિસી કમિટી (એમપીસી)ની આ પ્રથમ બેઠક હતી.
૫) વર્ષ ૨૦૨૫ના નાણાંકીય વર્ષ માટે જીડીપીનો અપેક્ષિત વિકાસદર ૭.૨ ટકા રખાયો.
૬) બીજા, ત્રીજા અને ચોથા ત્રિમાસિક માટે જીડીપીનો પ્રોજેક્ટેડ વિકાસદર અનુક્રમે ૭.૦, ૭.૪ અને ૭.૪ ટકા રખાયો.
૭) વર્ષ ૨૦૨૫ના નાણાકીય વર્ષ માટે ફુગાવાનો દર ૪.૫ ટકા જાળવી રખાયો.
૮) યુપીઆઈ લાઈટ વૉલેટની મર્યાદા વધારીને રૂ. ૫,૦૦૦ તેમ જ પ્રતિ ટ્રાન્ઝેક્શનની મર્યાદા રૂ. ૫૦૦થી વધારીને રૂ. ૧,૦૦૦ કરવામાં આવી.
૯) એમપીસીની આગામી બેઠક ચારથી છ ડિસેમ્બર દરમિયાન યોજાશે.

(એજન્સી)■

# યુપીઆઈ લાઈટ વૉલેટની મર્યાદા ₹ ૫,000 કરાઈ

મુંબઈ: લોકપ્રિય ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ યુપીઆઈનો લોકો ઝડપથી સ્વીકાર કરે તે માટે તેમને પ્રોત્સાહન આપવા આરબીઆઈએ યુપીઆઈ વૉલેટની મર્યાદા રૂ. ૨,૦૦૦થી વધારીને રૂ. ૫,૦૦૦ અને પ્રતિ ટ્રાન્ઝેક્શનની મર્યાદા રૂ. ૫,૦૦થી વધારીને રૂ. ૧,૦૦૦ કરવાની બુધવારે જાહેરાત કરી હતી.

બુધવારે યોજાયેલી એમપીસીની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયની જાહેરાત કરતાં આરબીઆઈના ગવર્નર શક્તિકાંતા દાસે કહ્યું હતું કે યુપીઆઈ-૧૨૩-પેમાં પ્રતિ ટ્રાન્ઝેક્શનની મર્યાદા રૂ. ૫,૦૦૦થી વધારીને રૂ. ૧૦,૦૦૦ કરવામાં આવશે.

યુપીઆઈ-૧૨૩ માર્ચ ૨૦૨૨માં લૉન્ચ કરવામાં આવી હતી. આ સુવિધા હવે વિવિધ ૧૨ ભાષામાં ઉપલબ્ધ છે.

કસ્ટમર ફ્રેન્ડલી વધુ એક પગલું લેતાં તેમણે રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ સિસ્ટમ (આરટીજીએસ) અને નેશનલ ઈકોનોમિક ફંડ ટ્રાન્સફર (એનઈએફટી) માટે લાભાર્થીના ખાતા અને નામની ચકાસણી કરવા લૂક-અપ ફેસિલિટીની જાહેરાત કરી હતી.

આ સિસ્ટમ ગ્રાહકને આરટીજીએસ કે એનઈએફટી મારફતે ફંડ ટ્રાન્સફર કરતાં પહેલાં લાભાર્થીના નામની ચકાસણી કરવાની સુવિધા પૂરી પાડે છે, એમ તેમણે કહ્યું હતું.

આ સુવિધા સિસ્ટમ પરત્વેનો ગ્રાહકોને વિશ્વાસ વધારશે અને ખોટા ખાતામાં રૂપિયા ટ્રાન્સફર થવાનું તેમ જ છેતરપિંડીનું પ્રમાણ ઘટાડશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# ૪૫ દવા પાછી ખેંચાઈ

નવી દિલ્હી: ભારતના ડ્રગ રેગ્યુલેટરે બુધવારે જણાવ્યું હતું કે લગભગ ૪૫ દવાઓના ઉત્પાદકોને ગુણવત્તાના માપદંડોને પૂર્ણ ન કરવા બદલ તેમના ઉત્પાદનો પાછા ખેંચવાનો આદેશ આપવામાં આવ્યો છે, જ્યારે પાંચ નકલી દવાઓના ઉત્પાદકો વિરુદ્ધ કેસ દાખલ કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અહીં 'સીઆઇઆઇ ફાર્મા એન્ડ લાઈફ સાયન્સ' કોન્ફરન્સના અવસર પર પત્રકારો સાથે વાત કરતા ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઇ) અને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ)ના વડા રાજીવ સિંહ રઘુવંશીએ સ્પષ્ટ કર્યું હતું કે ''૫૦ નકલી દવાઓ'' પર પ્રતિબંધ મૂકવાના તાજેતરના રિપોર્ટ્સ એકદમ ખોટા છે.

તેમણે કહ્યું હતું કે ''તે નકલી દવાઓ નથી,'' તેઓ 'માનક ગુણવત્તાની દવાઓ' ન હતી. બંને વચ્ચે એક તફાવત છે. ''અમારા શબ્દભંડોળમાં તેમાંથી ફક્ત પાંચ નકલી હતી જેને તમે નકલી કહી શકો.''

તેમણે કહ્યું કે દર મહિને સીડીએસસીઓ બજારમાંથી લગભગ ૨૦૦૦થી વધુ નમૂનાઓનું પરીક્ષણ કરે છે અને તેમાંથી ''લગભગ ૪૦-૫૦ નમૂનાઓ એક અથવા વધુ માપદંડો પર નિષ્ફળ જાય છે, જે ખૂબ જ સામાન્ય માપદંડ હોઈ શકે છે''. ''આમાંથી કોઈ પણ સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરતી નથી અને અમે અમારા પોર્ટલ પર તેના વિશે માહિતી આપીએ છીએ.''

તાજેતરના સમાચારોનો ઉલ્લેખ કરતા રઘુવંશીએ કહ્યું હતું કે, ''એવું કહેવામાં આવી રહ્યું છે કે ૫૦ નકલી દવાઓ હતી જેના પર અમે પ્રતિબંધ મૂક્યો હતો. આ સંપૂર્ણપણે ખોટું છે. તેઓ નકલી દવાઓ નહોતી અને તેના પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો નથી. તેને ફક્ત અધિસૂચિત કરાઇ હતી કે તે પ્રમાણભૂત ગુણવત્તાવાળી દવાઓ નથી.''

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે સીડીએસસીઓની તાજેતરના નોટિફિકેશન પછી શું પગલાં લેવામાં આવ્યાં. જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે અમે આ બધી દવાઓ પાછી ખેંચવાનો આદેશ આપ્યો છે. તેથી જે દિવસે અમને દવાઓની ગુણવત્તાના ધોરણોને અનુરૂપ ન હોવાની માહિતી મળી ઉત્પાદકોને દવાઓ પાછી લેવાનું કહેવામાં આવ્યું હતું. ''અમે નકલી ઉત્પાદનોની ઓળખ કરી છે અને તે વેચનારાઓ સામે કાર્યવાહી શરૂ કરી છે, જ્યાંથી અમે નમૂનાઓ લીધા હતા, અને પછી અમે સમગ્ર સપ્લાય ચેઇનને શોધી કાઢીએ છીએ.''

નોંધનીય છે કે ગયા મહિને એન્ટાસિડ્સ અને પેરાસિટામોલ સહિતની ૫૦થી વધુ દવાઓનો ભારતમાં વેચાતી સબસ્ટાન્ડર્ડ અથવા નકલી દવાઓની સીડીએસસીઓની માસિક યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ■

# ગુજરાતમાં મૅરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ વિકસાવાશે

નવી દિલ્હી: ગુજરાતના લોથલ ખાતે નેશનલ મૅરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (એનએમએચસી) વિકસાવવાના પ્રસ્તાવને સરકારે બુધવારે મંજૂરી આપી દીધી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદ હેઠળ મળેલી કેન્દ્રીય પ્રધાનમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ આ યોજનાના અમલને કારણે ૧૫,૦૦૦ લોકોને સીધો અને ૭,૦૦૦ લોકોને આડકતરો રોજગાર મળશે.

આ યોજનાને કારણે કુલ મળીને ૨૨,૦૦૦ લોકો માટે રોજગારની તક ઊભી થવાનો અંદાજ છે.

એનએચએમસીનું નિર્માણ વિકાસને વેગ આપશે અને સ્થાનિક સમુદાય, પ્રવાસીઓ, મુલાકાતીઓ, સંશોધકો, વિદ્વાનો, સરકારી, શૈક્ષણિક, સાંસ્કૃતિક સંસ્થાઓ, વેપાર, પર્યાવરણ અને કન્ઝર્વેશન ગ્રૂપને મદદરૂપ થશે.

વિખ્યાત આર્કિટેક્ચર કંપની આર્કિટેક્ટ હફીઝ કોન્ટ્રાક્ટર દ્વારા આ યોજનાનો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં

આવ્યો છે અને યોજનાના પ્રથમ તબક્કાના નિર્માણનું કામ ટાટા પ્રોજેક્ટ્સ લિ.ને સોંપવામાં આવ્યું છે.

વિવિધ તબક્કામાં આ યોજનાને આગળ વધારવામાં આવશે. પ્રથમ તબક્કામાં છ ગેલેરી સાથેનું એનએચએમસી મ્યુઝિયમ તૈયાર કરવામાં આવશે જેમાં ઈન્ડિયન નેવી અને કોસ્ટ ગાર્ડ ગેલેરીનો પણ સમાવેશ થશે.

દેશનું આ સૌથી મોટું મ્યુઝિયમ હશે એમ માનવામાં આવે છે.

પ્રોજેક્ટના બીજા તબક્કામાં કિનારા વિસ્તારમાં આવેલાં રાજ્યોમાં પેવેલિયન, હૉસ્પિટાલિટી ઝોન, રિક્રિયેશન ઑફ રિયલ ટાઈમ લોથલ સિટી, મૅરિટાઈમ ઈન્સ્ટિટ્યૂટ, હોસ્ટેલ અને જુદા જુદા ચાર થીમ આધારિત પાર્ક તૈયાર કરવામાં આવશે. (એજન્સી)■

# મહારાષ્ટ્રમાં મોદીની ₹ ૭,૬00 કરોડની લહાણી

નાગપુર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે મહારાષ્ટ્રમાં રૂ. ૭૬૦૦ કરોડથી વધારેના વિવિધ વિકાસ પ્રકલ્પોનો ઓનલાઈન શિલાન્યાસ કર્યો હતો. મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નાગપુરના ડૉ. બાબાસાહેબ આંબેડકર ઈન્ટરનેશનલ એરપોર્ટ અને શિરડી એરપોર્ટમાં નવા ઈન્ટીગ્રેટેડ ટર્મિનલ મકાનનો શિલાન્યાસ કર્યો હતો. વડા પ્રધાને મુંબઈમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ સ્કીલનું અને મહારાષ્ટ્રમાં વિદ્યા સમીક્ષા કેન્દ્રનું ઓનલાઈન ઉદઘાટન કર્યું હતું. તેમણે રાજ્યમાં ૧૦ નવી સરકારી મેડિકલ કૉલેજ શરૂ કરી હતી. મોદીએ લોન્ચ કરેલી ૧૦ મેડિકલ કોલેજ મુંબઈ, નાશિક, જાલના, અમરાવતી, ગડચિરોલી, બુલધાણા,વાશિમ, ભંડારા હિંગોલી અને અંબરનાથ (થાણે)માં છે. નાગપુરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઈન્ટરનેશનલ એરપોર્ટને ૭૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નવા રૂપરંગ અપાશે, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. આ સુધારેલું એરપોર્ટ ઉત્પાદન, ઉડ્ડયન, ટુરિઝમ, લોજિસ્ટિક્સ વગેરે ક્ષેત્રોના વિકાસ માટે ઉદ્દીપકનું કામ કરશે. શિરડી એરપોર્ટમાં નવું ઈન્ટીગ્રેટેડ ટર્મિનલ મકાન રૂ. ૬૪૫ કરોડ રૂપિયાના ખર્ચે બંધાશે. આ મકાન શીરડી આવતાં શ્રદ્ધાળુને વિશ્વ કક્ષાની સુવિધા આપશે. આના બાંધકામનો થીમ સાઈબાબાના ધાર્મિક લીમડાના ઝાડનો હશે. દસ નવી તબીબી કૉલેજોમાં અન્ડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની બેઠકો વધારવામાં આવશે તેમ જ આ કૉલેજો લોકોને ત્રિસ્તરીય હેલ્થકેર પૂરી પાડશે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ સ્કીલ-મુંબઈ સ્થપાવાનો હેતુ તંત્રજ્ઞાન વાપરનારા તાલીમબદ્ધ માનવબળ ઉદ્યોગ માટે તૈયાર કરવાનો છે. આ ટાટા એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ તથા ભારત સરકારનું સંયુક્ત સાહસ છે જે પબ્લિક-પ્રાઈવેટ મૉડેલ હેઠળ સ્થપાયું છે. સંસ્થા મોકાટ્રોનિક્સ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ. ઈન્ડસ્ટ્રિયલ ઓટોમેશન અને રોબોટિક્સ જેવા ખાસ ક્ષેત્રમાં તાલીમ આપશે. (એજન્સી) ■

# ત્રણ વિજ્ઞાનીને રસાયણશાસ્ત્રનું નોબેલ પારિતોષિક

સ્ટોકહોમ: પ્રોટીનને લગતા સંશોધન બદલ ડેવિડ બેકર, ડેમિસ હસાબિસ અને જોન જમ્પરને રસાયણશાસ્ત્રનું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું છે. બેકર સીટલેમાં યુનિવર્સિટી ઑફ વૉશિંગ્ટનમાં કામ કરે છે, જ્યારે હસાબિસ અને જમ્પર લંડનના ગૂગલ ડીપમાઈન્ડમાં કામ કરે છે. રોયલ સ્વિડિશ એકેડેમી ઑફ સાયન્સીસના સેક્રેટરી જનરલ હાન્સ એલેગ્રેને આ ઈનામની જાહેરાત કરી હતી.

અગાઉ, જૉન હોપફિલ્ડ અને જેફ્રી હિલ્ટનને 'મશીનના બિલ્ડિંગ બ્લોક્સ'ને લગતી શોધ માટે ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક આપવાની મંગળવારે જાહેરાત કરાઇ હતી.

નોબેલ પારિતોષિક માટેની સમિતિએ જણાવ્યું હતું કે મશીનની કામગીરી શીખવામાં મદદરૂપ થાય એવી પદ્ધતિ વિકસવામાં પાયાનું કામ કરનારા બે ભૌતિકશાસ્ત્રીને આ વખતે અવૉર્ડ અપાશે.

જૉન હોપફિલ્ડે પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં અને જેફ્રી હિલ્ટને ટોરન્ટો યુનિવર્સિટીમાં સંશોધન કર્યું હતું.

ગયા વર્ષે ત્રણ ભૌતિકશાસ્ત્રીને અણુની નાભિને ફરતે ભ્રમણ કરતા ઇલેક્ટ્રોન્સ અંગેના સંશોધન બદલ નોબલ પારિતોષિક અપાયું હતું.

અમેરિકાના વિક્ટર એમ્બ્રોસ અને ગેરી રુવકનને મેડિસિન માટે નોબેલ પારિતોષિક આપવાની સોમવારે જાહેરાત કરાઇ હતી.

ભૌતિકશાસ્ત્રના નોબેલ પારિતોષિક વિજેતાને ૧.૧ કરોડ સ્વિડિશ ક્રોનોર (અંદાજે દસ લાખ ડૉલર) અપાય છે.

સાહિત્ય માટેના અવૉર્ડ વિજેતાનું ગુરુવારે જાહેર કરાશે.

શાંતિ માટેના નોબેલ પારિતોષિક વિજેતાનું નામ શુક્રવારે અને અર્થશાસ્ત્ર માટેના પારિતોષિક વિજેતાનું નામ ૧૪ ઑક્ટોબરે જાહેર કરાશે. (એજન્સી)■

# રાજકોટમાં ડેન્ગ્યૂ બાદ હવે કોલેરાનો કેર: હાથીખાના વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર

અમદાવાદ: રાજકોટ શહેરમાં ડેન્ગ્યૂ કેસમાં વધારો થવાની સાથોસાથ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. ગત માસ સુધીમાં અલગ અલગ વિસ્તારમાં કોલેરાના ૯ પોઝિટિવ કેસ આવ્યા બાદ સોમવારે રામનાથપરા વિસ્તારમાં હાથીખાના શેરી નં. ૩ માં કોલેરાનો શંકાસ્પદ કેસ આવતા આરોગ્ય વિભાગે બ્લડ સેમ્પલ લઈ લેબમાં મોકલી આવ્યું હતું. જેનો રિપોર્ટ બુધવારે પોઝિટિવ આવતા કલેક્ટર દ્વારા રામનાથપરાના બે કિલોમીટર વિસ્તારને કોલેરાભય ગ્રસ્ત જાહેર કર્યો છે. ■

# રાપરના આડેસરમાં ગરબી જોઈ મોડી રાત્રે ઘરે જઈ રહેલી યુવતી પર દુષ્કર્મ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:વડોદરા અને સુરતમાં કિશોરીઓ સાથે થયેલાં દુષ્કર્મના બનાવોની ચકચાર હજુ શમી નથી તેવામાં કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના આડેસર ગામે ગરબી જોઈને પરત ફરી રહેલી દલિત યુવતી પર પેવર બ્લોકના કારખાનેદારે દુષ્કર્મ ગુજારતાં ભારે ચકચાર મચી છે.

એક તરફ ગુજરાતના ગૃહપ્રધાન હર્ષ સંઘવી વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા કચ્છમાં આવ્યા હતા એ દરમ્યાન શર્મસાર કરતી આ ઘટના અંગે પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આડેસરમાં રહેતી ૧૮ વર્ષની યુવતી ગત ૭-૧૦-૨૦૨૪ની રાત્રે ૧ વાગ્યે ગરબા જોઈને ઘરે પરત ફરતી હતી તે સમયે તેણીને અચાનક ચક્કર આવી જતાં સંજય નામનો યુવક તેને નજીકમાં આવેલા પેવર બ્લોકના કારખાનામાં પાણી પીવડાવવા લઈ ગયો હતો.

યુવક યુવતીને એકલાં જોઈને કારખાનામાં રહેલા પ્રવિણ કરસન રાજપૂત નામના શખ્સે યુવતીની મદદ માટે સંજય સાથે આવેલા ભરત નામના અન્ય યુવકને રૂમની બહાર કાઢી મૂકીને દરવાજો બંધ કરીને યુવતીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે ઉમેર્યું હતું કે, આરોપી પ્રવિણ વિરુદ્ધ થોડાક મહિના અગાઉ ગેરકાયદે વ્યાજખોરી બદલ ફરિયાદ નોંધાયેલી છે.

બનાવ અંગે ગત રાત્રે યુવતીએ આડેસર પોલીસ મથકે આપેલી ફરિયાદના આધારે પોલીસે બળાત્કાર, એટ્રોસીટી સહિતની કલમો તળે ગુનો દાખલ કરીને આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના ગૃહ પ્રધાન કચ્છની મુલાકાતે આવ્યાં છે ત્યારે જ દુષ્કર્મનો બનાવ બહાર આવતાં પોલીસ ખાતામાં ભારે દોડધામ મચી ગઈ છે. ■